## અમે ભલે મજૂરી કરીએ, પરંતુ બાળકોને તો ભણાવીશું જ



■ સુરતના અલથાણ રોડ ઉપર નિત્યક્રમ પ્રમાણે તગારા ઊંચકીને ત્રણ શ્રમિક મહિલા પસાર થઇ રહી હતી. પહેલી નજરમાં તો આ દૃશ્ય સામાન્ય લાગે છે. પરંતુ તેમના હાથ પકડીને તેમનાં બાળકો ખભે દફતર ભેરવીને રોફભેર ચાલી રહ્યાં હતાં. કેમેરામાં કેદ થયેલી આ તસવીર જાણે એવું કહી રહી છે કે અમે ભલે મજૂરી કરીએ પરંતુ અમારાં બાળકોને તો ભણાવીશું જ. (તસવીર : હેમંત ડેરે)

### ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં

# ક્રાઈમ બ્રાન્ચે 2700 કરોડના બોગસ બિલિંગ કાંડમાં 500થી વધુ પાનાંની ચાર્જશીટ રજૂ કરી

**16 આરોપીની ધરપકડ અને 14 આરોપીને વોન્ટેડ જાહેર કરાયા**

**470 કરોડની આઇટીસી ઉસેટવામાં આવી છે જે જીએસટી વિભાગે વસૂલવી પડશે**




સુરતઃ સુરત સહિતના અન્ય વિસ્તારોના કૌભાંડીઓ દ્વારા બોગસ પેઢી બનાવી કરોડો રૂપિયાની ઈનપુટ ટેક્સ ક્રેડિટ ઉસેટી લેવાના 2700 કરોડના બોગસ બિલિંગ કૌભાંડમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં 500થી વધુ પાનાંની ચાર્જશીટ રજૂ કરવામાં આવી છે. આ કૌભાંડમાં અત્યાર સુધી 16 આરોપીની ધરપકડ બતાવવામાં આવી છે. જ્યારે 14 જેટલા આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

સુરત ક્રાઈમ બ્રાન્ચે દાખલ કરેલા રાજ્યના સૌથી મોટા બોગસ બિલિંગ કૌભાંડમાં લેભાગુ વેપારીઓ એવા આરોપીઓએ 470 કરોડની ઈનપુટ ટેક્સ ક્રેડિટ ઉસેટી લઈ સરકારની તિજોરીને મોટો ફટકો માર્યો હતો. જો કે, પોલીસે કરેલા આ કેસમાં રૂપિયા 470 કરોડની આઈટીસી પરત વસૂલવાની મહેનત જીએસટી વિભાગે કરવી પડશે. અહીં ઉલ્લેખનીય છે કે, આ કૌભાંડ પછી સ્ટેટ જીએસટી વિભાગે શરૂ કરેલા ઓપરેશન ક્લિન અભિયાન હેઠળ સમગ્ર રાજ્યમાં બોગસ બિલિંગ સામેના સર્ચમાં અત્યાર સુધી 12,000 કરોડથી વધુનાં બોગસ ટ્રાન્ઝેક્શન પકડાયાં છે. સમગ્ર કાંડમાં 470 કરોડની આઈટીસી ઉસેટવામાં આવી છે.

એડ્વોકેટ નદીમ ઈસ્માઈલ ચૌધરીએ જણાવ્યું હતું કે, જે આઈટીસી લેવામાં આવી છે તે પરત લાવવાની જવાબદારી જીએસટી વિભાગે કરવી પડશે. કારણ કે, એ સત્તા જીએસટી પાસે જ છે. ક્રેડિટના કેસમાં મહત્ત્વનું એ છે કે, લાભ કોણે લીધો છે. સંડોવાયેલા તો ઘણા લોકો હોય, પરંતુ આ સમગ્ર કાંડ કયા લોકો માટે કરવામાં આવ્યો એ શોધવું જરૂરી છે. આવા કેસોમાં આઈટીસી ક્રેડિટ પાસ ઓન કરનારા અને મેળવનારા પણ પકડાવા જોઈએ.

# લગ્ન, બીમારી, ઘર ખરીદવા અને અભ્યાસ માટે પી.એફ.ની રકમ એડવાન્સ લઈ શકાશે

સુરત : સુરતનાં પ્રાદેશિક EPFO કમિશનર-2 દ્વારા આગામી 27 જાન્યુઆરીએ શુક્રવારનાં રોજ સુરત, તાપી, નવસારી જિલ્લામાં 'નિધિ આપકે નિકટ' જાગૃતિ કાર્યક્રમ યોજાશે. EPFO, પ્રાદેશિક કાર્યાલય, સુરત દ્વારા નવા રોજગારદાતાઓ માટે EPF કાયદાની જોગવાઈઓ સંબંધિત જાહેર ફરિયાદ નિવારણ અને જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવા માટે આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

સુરત જિલ્લોમાં આ કાર્યક્રમ સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસો. G.I.D.C., પાંડેસરા, સુરત ખાતે, નવસારી જિલ્લામાં નવસારી, જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન, 18/1, ઉદ્યોગ પરિવાર ભવન, જીઆઈડીસી, કબીલપોર ખાતે અને તાપી જિલ્લામાં સ્ટાફ હોલ, GSECL ઉકાઈ, સોનગઢ, વ્યારા, તાપી ખાતે 27 જાન્યુઆરીના રોજ સવારે 09:00 થી સાંજના 05:45 દરમિયાન યોજાશે.

આ ઈવેન્ટની મુળ થીમ મુજબ ફ્લેટ ખરીદવા અથવા રહેણાંક મકાનના બાંધકામ માટે ભવિષ્ય નિધિમાંથી એડવાન્સ રકમ, બીમારીના કિસ્સામાં ફંડમાંથી એડવાન્સ, લગ્ન માટે ભવિષ્ય નિધિમાંથી એડવાન્સ રકમ મેળવવી,

પોસ્ટ મેટ્રિક શિક્ષણ માટે ફંડમાંથી એડવાન્સ રકમ મેળવી શકશે.

## આજે નેશનલ ટુરિઝમ ડે







# દક્ષિણ ગુજરાતમાં ઇકો ટુરિઝમનો વધતો જતો ક્રેઝ

**હવે પ્રવાસીઓ ભીડભાડ વાળાં સ્થળોને બદલે પ્રકૃત્તી નિહાળવાનું વધુ પસંદ કરે છે**




સુરત : આજે 25 જાન્યુઆરીની ઉજવણી 'નેશનલ ટુરિઝમ ડે'. તરીકે કરવામાં આવે છે. સામાન્યર રીતે લોકો દિવાળી વેકેશન અથવા તો ઉનાળું વેકેશનમાં પ્રવાસ કરવાનું પસંદ કરે છે. જો કે, હવે હરવા ફરવાના સ્થળોમાં પણ સમય જતાં બદલાવ આવી રહ્યો છે. પહેલા લોકો સીમલા કુલુ મનાલી, કોડાઇકેનાલ, મહાબળેશ્વર જેવા હિલ સ્ટેશન, ગોવા, કેરલ, પોંડિચેરી જેવા બીચ અને ધાર્મિક સ્થળોએ પ્રવાસ કરવાનું પસંદ કરતાં હતાં પરંતુ હવે સમય જતાં ટુરિઝમના માટેના ડેસ્ટિનેશન પણ બદલાઇ ગયા છે. હવે લોકો પ્રકૃત્તિ તરફ વળી રહ્યાં છે અને ઇકો ટુરિઝમ કરી રહ્યાં છે. સુરતના નાનપુરા વિસ્તારમાં આવેલા લાઈફ સાઈકલિંગ ગ્રીન ગ્રૃપના ફાઉન્ડર અને વેસુ વિસ્તારમાં રહેતાં યોગેશ કે પટેલે જણાવ્યું કે, 'વર્ષ 2010માં જ્યારે આ ગ્રૃપની સ્થાપના થઈ. ત્યારે સભ્યો એડવેન્ચરવાળી જગ્યા પર લઈ જવા માટે કહેતા હતા. પણ હવે લોકો વ્યસ્ત જીવનશૈલી અને શહેરોમાં વધારે પડતું ધ્વનિ પ્રદુષણથી દૂર શાંત જગ્યા પર જવાનું પસંદ કરે છે. હાલમાં ગ્રુપમાં 15 થી 86 વર્ષ સુધીના એક હજારથી વધુ સભ્યો છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'હાલમાં ગ્રૃપમાં જોડાયેલા મહત્તમ લોકો શહેરથી થોડા દુર ઈકો-ટુરિઝમ ડેસ્ટીનેશન પર જવાનું પસંદ કરે છે. એમાં પણ સૌથી વધુ 25 થી 45 વયજૂથના લોકોમાં દક્ષિણ ગુજરાતમાં આંબાપાણી, કેવડી, પદમડુંગરી, દેવઘાટ અને મહાલ જેવા સ્થળોએ જવાનું વધારે પસંદ કરી રહ્યાં છે અને તેમના મોટા ભાગની ટુર સાઇકલ ઉપર જ હોય છે.

### દસ વર્ષમાં નેચર લવર્સની સંખ્યા વધી છે



હું છેલ્લા 10 વર્ષથી ગુજરાતના વનવિભાગમાં ફરજ બજાઉ છું. હવે પહેલા કરતાં લોકો નેચર ટુર કરવાનું વધારે પસંદ કરી રહ્યાં છે. વન વિભાગ દ્વારા પણ ઇકો ટુરિઝમને પ્રોત્સાહન મળે તે માટે જુદી જુદી સાઇટ ડેવલપ કરવામાં આવી રહી છે અને તેને ખૂબ જ સુંદર પ્રતિસાદ પણ મળી રહ્યો છે. વન વિભાગ આ બાબતે ખૂબ જ સતર્ક છે અને વધુને વધુ લોકો પ્રકૃતિને જાણી અને માણી શકે તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે.

**- પુનિત નૈયર, ડીએફઓ, તાપી જિલ્લા**

# 'માજી તમારી સોનાની ચેઈન તથા વીંટી આપો, તમને નવી બનાવી આપું' કહીને ઠગાઇ

**વૃદ્ધાની દીકરીએ ઓળખીતા રિક્ષાચાલકને માતા માટે ઘરે સફરજન આપવા મોકલ્યો હતો**

સુરત : પરવટ પાટિયા ખાતે રહેતી 72 વર્ષીય વૃદ્ધાની દિકરીના પરિચીત રીક્ષા ચાલકે વૃદ્ધાની સોનાની ચેઈન અને વીટીમાં સોનુ વધારીને આપુ કહીને લઈ ગયો હતો. બાદમાં પરત નહીં આવતા સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં 80 હજારની ઠગાઈની ફરિયાદ નોંધવામાં આવી હતી.

પરવટ પાટિયા ખાતે જલારામ સોસાયટીમાં રહેતી 72 વર્ષીય કમલાબેન રામુભાઇ પાંડેની એક દિકરી બબીતા છે. જે ગોડાદરા ખાતે આવેલા પ્રિયંકા સીટી પ્લસ ખાતે રહે છે. અને તે જમીન દલાલીનું કામ કરે છે. ગત 28 ડિસેમ્બરે બપોરે વૃદ્ધા તેમના ભાડાના મકાનમાં હતા. ત્યારે તેમની દિકરી બબીતાએ ફોન કરીને જફરભાઇ સાથે તારા માટે સફરજન મોકલ્યા હોવાનું કહ્યું હતું. વૃદ્ધા ત્યાં રોડ ઉપર જઈને સફરજન લેવા ગયા હતા. જ્યાં જફરભાઈ વૃદ્ધા સાથે તેમના ઘરે આવ્યો હતો. બાદમાં બબીતાએ જફરભાઈ સાથે જઈને દવા લઈ આવવાનું કહેતા તેની રીક્ષામાં વૃદ્ધા બેસીને નીકળ્યા હતા. રઘુકુળ ગરનાળા પાસે ડોક્ટરને ત્યાં દવા માટે જતી વખતે રઘુકુળ માર્કેટ પાસે આવેલી ખાડીની બાજુમાં જાફરે દવાખાનું આવી ગયુ છે કહીને વૃદ્ધાને ઉતરી જવા કહ્યું હતું. ત્યારબાદ જાફરે 'માજી તમે મને આ તમારી સોનાની ચેઈન તથા વીંટી કાઢીને આપો, મારી પાસે એક સોનીનો કોન્ટેક છે તમને આ ચેઈન તથા વીટી મોટી બનાવી આપુ' તેમ કહ્યું હતું. વૃદ્ધાએ ચેઈન અને વીંટી આપી દીધી હતી. કલાકો વીતી ગયા છતાં જાફર પરત ન આવતા સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં વૃદ્ધાએ સોનાની ચેઈન બે તોલાની તથા એક વીટી મળી કુલ 80 હજારની ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી.

# બોલો ! ઉમરામાં ભરાયેલા મેળામાંથી પોલીસ કોન્સ્ટેબલની પત્નીનું પર્સ ચોરાયું

**ભીડમાં કોઇ રૂપિયા 40,000ની સોનાની ચેઇન ખેંચી ના જાય તે માટે પર્સમાં મૂકી દીધી તો તેના પર જ તસ્કરે ધાપ મારી**

સુરત : શહેરમાં હવે જેમના માથે પ્રજાના રક્ષણની જવાબદારી છે તે પોલીસનો પરિવાર પણ સુરક્ષિત નહીં હોવાની ઘટના સામે આવી છે. પીપલોદ પોલીસ લાઇનમાં રહેતા કોન્સ્ટેબલની પત્નીના પર્સની ચોરી થયાની ફરિયાદ ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. સૌથી રસપ્રદ બાબત તો એ છે કે, મેળામાં ખૂબ ગીરદી હોવાથી ચેઇન ખેંચાઇ જવાના ભયથી કોન્સ્ટેબલની પત્નીએ તેને જે પર્સમાં મૂકી તે પર્સ જ ચોરાઇ ગયું હતું.

ઉમરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ પીપલોદ પોલીસ લાઇનમાં રહેતા રણજીતભાઈ રણછોડભાઈ ડેરવાળિયા સુરત શહેર પોલીસ ખાતામાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. ગતરોજ તેઓ ફરજ પર હતા ત્યારે તેમની પત્ની મિત્તલ અને દીકરી ઉમરા સ્મશાનભૂમિ રોડ પાસે લાગેલા મેળામાં ગયા હતાં. મેળામાં ભીડ વધારે હોવાથી મિત્તલબેને તેમની સોનાની ચેઈન પર્સમાં મૂકી દીધી હતી. જોકે તેઓ તેમની દીકરી સાથે મેળામાં ફરવામાં મશગુલ હતા. ત્યારે કોઈ ચોર તેમના પર્સની ચોરી કરી ફરાર થયો હતો. મિત્તલબેનના પર્સમાં રૂપિયા ૪૦ હજારની કિંમતની સોનાની ચેઈન તથા રોકડા રૂપિયા 2000 હતા. આ પર્સમાં તેમના પતિનું ગુજરાત પોલીસનાં આઈકાર્ડની કોપી પણ હતી. આ ઘટના અંગે તેમણે ઉમરા પોલીસમથકમાં ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બોટાદમાં બાળકી સાથે દુષ્કર્મ બાદ હત્યાઃ રેલી સાથે દેવીપૂજક સમાજ કલેક્ટર કચેરીએ પહોંચ્યો

**સુરત કલેક્ટરને આવેદનપત્ર આપીને આરોપીને ફાંસી આપવા માટેની માંગણી કરાઈ**




(તસવીર : સતીષ જાદવ)

સુરત : બોટાદમાં દેવીપૂજક સમાજની એક નવ વર્ષની દિકરી પર દુષ્કર્મ કર્યા બાદ હત્યા કરી દેવામાં આવી હતી. જે ચકચારી ઘટનાના પડઘા સુરતમાં પણ પડ્યા છે. આ સમાજના લોકો દ્વારા સુરત શહેર અને જિલ્લામાં રેલીઓ કાઢીને બાળકીના હત્યારાને ફાંસી આપી બાળકીને યોગ્ય ન્યાય અપાવવા આવેદનપત્રો આપવામાં આવ્યાં હતા.

સુરત ખાતે પણ દેવીપૂજક સમાજે મંગળવારે રેલી કાઢી મોટી સંખ્યામાં કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. બેનેરો અને પ્લે કાર્ડ સાથે આવેલા દેવીપૂજક સમાજએ કલેક્ટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી કે, બોટાદમાં ગત તા. 15 જાન્યુઆરીએ દેવીપૂજક સમાજની 8થી 9 વર્ષની બાળકી પતંગ પકડવા માટે દોડા દોડી કરીને રમતી હતી. ત્યારે આરોપી રાજેશ ચૌહાણ બાળકીને ફોસલાવીને ફુલવાજી વિસ્તારમાં આવેલા ખંડેર ક્વાટર્સમાં લઇ ગયો હતો. જ્યાં બાળકીનું મોઢુ દબાવીને દુષ્કર્મ આચરીને તેની હત્યા કરી નાખવામાં આવી હતી. આ હેવાનિયત ભરેલા કૃત્યથી દેવીપૂજક સમાજમાં આક્રોશ ફેલાયો છે. ત્યારે આ કેસમાં તટસ્થ અને ઝડપી તપાસ કરવામાં આવે અને વહેલી ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ કરીને આરોપીને ફાંસી આપવાની માંગ કરવામાં આવી હતી.

# એસઓજીએ સોની ફળિયામાંથી 3.27 લાખની ઈ-સિગારેટ પકડી પાડી

સુરતઃ ઈ-સિગારેટ શરીરને ભારે નુકસાન કરતી હોવાને કારણે તેના પર સરકારે પ્રતિબંધ મૂક્યો છે. નો ડ્રગ્સ ઈન સુરત સિટીની પોલીસ દ્વારા શરૂ કરાયેલી ઝુંબેશના ભાગરૂપે ઈ-સિગારેટના વિક્રેતાઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. એ દરમિયાન સુરત શહેરમાં ચોરીછૂપીથી આ પ્રોડક્ટનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. એસઓજી પીઆઇ એ.પી. ચૌધરીને બાતમી મળતાં સોની ફળિયા ખાતે આવેલા ધર્મકૃતિ આર્કેડમાં દુકાન નં.108, જી ડીલ્સ ખાતે રેડ કરવામાં આવી હતી. તેમાં આરોપી મુનાવર હનીફ નુરાની (ઉ.વ.41) (રહે., વિક્ટોરિયા ફ્લેટ-1201, મોરા ભાગળ) ને ઝડપી પાડવામાં આવ્યો હતો. હનીફની દુકાનમાંથી અલગ અલગ કંપનીની તથા ફ્લેવર્સની ઈ-સિગારેટ કુલ કિંમત 3.27 લાખની મત્તા સીઝ કરવામાં આવી હતી. દરમિયાન અઠવા પોલીસમાં આ આરોપી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.


## દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGCO42909

વ્યાર વિભાગીય કચેરી

૬૬ કે.વી. વ્યારા કંપાઉંડ, ધુલિયા હાયવે, વ્યારા-૩૯૪૬૫૦

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ 3003)

Azadi Ka Amrit Mahotsav

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેર સુચના**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે જેટકો તથા દ.ગુ.વીજ કં.લિ. દ્વારા ૬૬ કેવી લાઇનનું જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખ તથા સમયે તે સબસ્ટેશનમાંથી ફીડર પરથી વીજ પુરવઠો મળી શકશે નહીં.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી રૂમકી તળાવ | તમામ ૧૧ કે.વી. ફીડર | નિઝર | ૮૯૮૦૮૦૩૮૭૪ | ૨૭.૦૧.૨૦૨૩/ શુક્રવાર | ૦૭.૦૦ થી ૧૦.૦૦ |
| ૨ | ૬૬ કેવી ગામડી | તમામ ૧૧ કે.વી. ફીડર | નિઝર | ૮૯૮૦૮૦૩૮૭૪ | ૨૭.૦૧.૨૦૨૩/ શુક્રવાર | ૦૭.૦૦ થી ૧૦.૦૦ |
| ૩ | ૬૬ કેવી કુકરમુંડા | તમામ ૧૧ કે.વી. ફીડર | કુકરમુંડા | ૬૩૫૭૨૩૧૧૪૮ | ૨૭.૦૧.૨૦૨૩/ શુક્રવાર | ૦૭.૦૦ થી ૧૦.૦૦ |
| ૪ | ૬૬ કેવી નિઝર | તમામ ૧૧ કે.વી. ફીડર | નિઝર | ૮૯૮૦૮૦૩૮૭૪ | ૨૭.૦૧.૨૦૨૩/ શુક્રવાર | ૦૭.૦૦ થી ૧૦.૦૦ |
| ૫ | ૬૬ કેવી હથોડા | તમામ ૧૧ કે.વી. ફીડર | કુકરમુંડા | ૬૩૫૭૨૩૧૧૪૮ | ૨૭.૦૧.૨૦૨૩/ શુક્રવાર | ૦૭.૦૦ થી ૧૦.૦૦ |
| ૬ | ૬૬ કેવી હીંગણી | તમામ ૧૧ કે.વી. ફીડર | નિઝર | ૮૯૮૦૮૦૩૮૭૪ | ૨૭.૦૧.૨૦૨૩/ શુક્રવાર | ૦૭.૦૦ થી ૧૦.૦૦ |
| ૭ | ૬૬ કેવી નીંભોરા | તમામ ૧૧ કે.વી. ફીડર | કુકરમુંડા | ૬૩૫૭૨૩૧૧૪૮ | ૨૭.૦૧.૨૦૨૩/ શુક્રવાર | ૦૭.૦૦ થી ૧૦.૦૦ |
| ૮ | ૬૬ કેવી બોરીકુવા | તમામ ૧૧ કે.વી. ફીડર | કુકરમુંડા | ૬૩૫૭૨૩૧૧૪૮ | ૨૭.૦૧.૨૦૨૩/ શુક્રવાર | ૦૭.૦૦ થી ૧૦.૦૦ |
| ૯ | ૬૬ કેવી બોરદા | તમામ ૧૧ કે.વી. ફીડર | સોનગઢ | ૯૯૭૯૮૬૦૪૯૪ | ૨૭.૦૧.૨૦૨૩/ શુક્રવાર | ૦૭.૦૦ થી ૧૦.૦૦ |

નોંધઃ કામ પૂર્ણ થયા બાદ કોઇપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં.નિ) વ્યારા વિભાગીય કચેરી, દ.ગુ.વિ.કં.લિ.

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો


# સીએમનો કાર્યક્રમ બદલાયો, હવે 28મીએ 2416 કરોડનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત

સુરતઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 27મી જાન્યુઆરીના રોજ સુરત આવવાના હતા. જો કે, હવે તેનો કાર્યક્રમ બદલાયો છે. હવે આગામી 28મી જાન્યુઆરીએ મુખ્યમંત્રી સુરત આવશે. આ દિવસે એક સમૂહલગ્નમાં પણ મુખ્યમંત્રી હાજર રહેવાના હોવાથી તારીખ બદલાઇ હોવાનું જાણવા મળી રહ્યું છે. સુરત પ્રવાસ દરમિયાન મુખ્યમંત્રીના હસ્તે મનપા અને સુડાના મળીને કુલ 2416 કરોડના વિવિધ પ્રોજેક્ટ્સનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આઠ વર્ષથી ટલ્લે ચડેલા સુરત મહાનગર પાલિકાના મુખ્ય વહીવટી ભવન, મોટા વરાછામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરથાણામાં વોર્ડ ઓફિસ, વાંચનાલય તથા 60 કરોડમાં 13 મેગાવોટ ક્ષમતાના સોલાર ફોટોવોલ્ટેજ બેઝ્ડ પાવર પ્લાન સ્થાપિત કરવાનાં કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત સમગ્ર શહેરમાં લોકોને સુખાકારી માટેના વિવિધ પ્રોજેક્ટસનો લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાશે.

# કતારગામના યુવાનના આપઘાત કેસમાં જૂનાગઢનો વ્યાજખોર ઝડપાયો

**સ્યુસાઈડ નોટને આધારે પોલીસે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધી જૂનાગઢના આરોપીની ધરપકડ કરી**

સુરત : કતારગામમાં હરિ દર્શન સોસાયટીમાં રહેતા અને કાર્ટિંગનો ધંધો અને ખેતીકામ કરતા 42 વર્ષીય કમલેશ રાદડિયાએ વ્યાજના ચક્કરમાં શનિવારે વહેલી સવારે પોતાના ઘરમાં દવા પીને આપઘાત કરી લીધો હતો. તેણે 1 કરોડની છેતરપિંડી અને વ્યાજખોરોના ચક્કરમાં ફસાયો હોવાથી અંતિમ પગલું ભરી રહ્યો હોવાની સ્યુસાઇડ નોટ લખી હતી. સ્યુસાઇડ નોટમાં લખ્યું કે જુનાગઢમાં રહેતા મિત્ર હિરેને કમલેશ રાદડિયાને ક્રિપ્ટોકરન્સી અને હવાલાના ધંધામાં 1 કરોડ રોકાવ્યા હતાં. તેમણે કરોડોની રકમ સંબંધી અને મિત્રો પાસેથી ઉછીની લઈ હિરેનને આપી હતી. થોડા વખત પછી કમલેશ રાદડિયાએ હિરેન પાસેથી 1 કરોડની માંગણી કરી હતી. જોકે, બાદમાં હિરેને કમલેશને રૂપિયાની સામે સુરતમાં રહેતા ચીમન સોની પાસેથી સોનું લેવા જણાવ્યું હતું. કમલેશે ચીમન સોની પાસેથી 18 લાખનું સોનુ હિરેનના નામે લઈ આવ્યો હતો. પરંતુ બાદમાં કમલેશ પાસેથી 10 લાખનું સોનું હિરેન પડાવી ગયો હતો. જેથી ચીમન સોનીએ સોનાની ખરીદીના રૂપિયા માટે કમલેશ રાદડિયા પાસેથી પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી. જ્યારે પુત્ર પ્રિન્સને વિદેશ અભ્યાસ કરવા માટે મોકલવા વ્યાજે રૂપિયા લીધા હતા. મૃતકે સ્યુસાઇડ નોટમાં પરિવારને ઉલ્લેખીને લખ્યું કે ગોલ્ડ લોનમાંથી સોનું છોડાવી લેજો. પોલીસે સુખદેવ વોરા અને જુનાગઢમાં રહેતા હિરેન સોની સામે ગુનો દાખલ કરી હિરેન ઉર્ફે સ્વામી ગીરીશભાઈ ગોટેચા ઉ.વ.૨૯, રહે-હાલ- શ્રી ગાત્રાણ કૃપ" લખનભાઈ રબારીના મકાનમાં, ગીરનાર દરવાજા, જુનાગઠ તથા મૂળ રહે-"શ્રી હરીમહેલ" આંબાવાડી, કેશોદની ધરપકડ કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલ, SGPCની ટીમે સુમુલ ડેરીની મુલાકાત લીધી



સુરતઃ ભારત સરકાર માન્ય અને મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી સંલગ્ન સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલ, SGPC,ના ઇન્ડસ્ટ્રીઅલ વિઝિટના પ્રોગ્રામ હેઠળની ચોથી વિઝિટ, સુમુલ ડેરી પ્લાન્ટની મુલાકાત અત્યંત રસપ્રદ રહી હતી. SGPCના પ્રમુખ ભદ્રેશ શાહે આવકાર અને પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. સુમુલના માર્કેટિંગ ચીફ મનીષ ભટ્ટે દૂધ અને દૂધની બનાવટો અને તેની વિશેષતાઓ સાથે સુમુલ અને અમુલ ડેરી વિશે રસપ્રદ અને માહિતીપ્રદ પ્રવચન આપ્યું હતું. બાદમાં સભ્યોને ડેરીના અતિ અદ્યતન પ્લાન્ટની મુલાકાત કરાવવામાં આવી હતી. છેલ્લે સુમુલ તરફથી સભ્યોને બ્રન્ચ આપવામાં આવ્યું હતું. આજની વિઝિટમાં 50 થી વધુ સભ્યો જોડાયા હતા.

### એચઆરડી વિભાગમાં અભ્યાસ કરતી નિધિ ગાંધીની ઓલ ઇન્ડિયા વેઇટલિફ્ટિંગમાં પસંદગી



સુરતઃ હાલમાં જ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એચઆરડી વિભાગમાં નિધિ ગાંધીએ અભ્યાસ પૂર્ણ કર્યો છે. જે હવે વેઇટલિફ્ટિંગમાં ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી માટે પસંદગી પામ્યા છે. આગામી તા. 26 જાન્યુઆરીથીથી 30 જાન્યુઆરી સુધી યોજાનાર સ્પર્ધામાં નિધિ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનધિત્વ કરશે.

### સુરતના કાવ્ય નાયકે રાષ્ટ્રીય કક્ષાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો



સુરત : તા. ૧૯ થી ૨૧ જાન્યુઆરી 2023 ના રોજ તમિલનાડુ ખાતે ઈન્ડિયા ટેકવોન્ડો કેડેટ એન્ડ સબ જુનિયર નેશનલ ચેમ્પિયન ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ જેમા વિવિધ કેટેગરીમાં તમામ રાજ્યોના વિનરો વચ્ચે ટક્કર થઈ હતી. ગુજરાત તરફથી 53 kg કેટેગરીમાં ડાયનેમિક વોરિયર્સના નેશનલ કોચ શ્રી પમિર શાહના માર્ગદર્શન હેઠળ તૈયાર થનાર વિદ્યાર્થીઓ પૈકી મિલેનિયમ સ્કૂલ, સુરતના કાવ્ય વિરલ નાયક એ બ્રોન્ઝ મેડલ મેળવી નેશનલ ટુર્નામેન્ટમાં ત્રીજો ક્રમ મેળવ્યો હતો. સુરત, ગુજરાતનું ગૌરવ એવા ડાયનેમિક વોરિયર્સના નેશનલ કોચ શ્રી પમિર શાહના વિદ્યાર્થી કાવ્ય નાયકની અનોખીસિદ્ધિ માટે સુરત શહેરને ગર્વ છે.

### માસ્ટર સ્પેલર્સને દેશના ટોચના 10 ભાષા શીખવતા સ્ટાર્ટઅપ્સમાં સ્થાન



સુરત : બે વર્ષ અગાઉ શરૂ થયેલ ભાષા શિખવતી સ્ટાર્ટઅપ માસ્ટર સ્પેલર્સ (Master Spellers) ને સિલિકોન ઈન્ડિયા (Siliconindia)એ ભારતના ટોચના 10ભાષા શીખવા સ્ટાર્ટ-અપ્સમાં સ્થાન આપ્યું છે. માસ્ટર સ્પેલર્સએ ભાષાકીય કૌશલ્યોની જરૂરિયાતોના વર્ષોના અનુભવમાંથી કેટલીક સ્પર્ધાઓ પણ બનાવી છે. સ્ટાર્ટઅપ પાસે અનુભવી અંગ્રેજી શિક્ષકોની નિપુણ ટીમ છે જે આ તમામ સ્પર્ધાઓ અને પડકારજનક રાઉન્ડસ બનાવે છે. માસ્ટર સ્પેલર્સના ફાઉન્ડર અને સીઈઓ શર્મિષ્ઠા ચાવડા કહે છે કે "એકંદરે, અમારો ઉદ્દેશ્ય સ્પર્ધા દ્વારા બાળકો માટે ભાષા શિક્ષણને મનોરંજક અને પ્રેરણાદાયક બનાવવાનો છે.

### ધન્વંતરી કોલેજના વિદ્યાર્થીઓએ કામરેજ સુગર ફેક્ટરીની મુલાકાત લીધી



સુરત : સહકાર એજ્યુકેશન ટ્રસ્ટ-સુરત સંચાલિત કેમ્પસ, કીમમાં શ્રી ધન્વંતરી ઇન્ટરનેશનલ સ્કુલ, શ્રી ધન્વંતરી ફાર્મસી કોલેજના આચાર્ય, શિક્ષકો અને ધો. 6 થી 8ના વિદ્યાર્થીઓએ ૧૩/૦૧/૨૦૨૩ ના રોજ નવી પારડી પાસે આવેલ શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લીમીટેડ (કામરેજ સુગર ફેક્ટરી) ની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ શૈક્ષણિક મુલાકાતમાં બાળકોને સુગર ફેક્ટરી માં શેરડી માંથી દરેક વસ્તુ કેવી રીતે બનાવવામાં આવે છે તેની સમગ્ર પ્રક્રિયા શુરુ થી લઈને અંત સુધી બતાવવામાં આવી હતી.

### બે દિવસીય કોન્સેપ્ટ એન્યુઅલ સ્પોર્ટ્સ ફેસ્ટ - મોમેન્ટમ-2023નું આયોજન



શક્તિથી ભરપૂર ઉત્સાહ અને સ્પોર્ટી સ્પિરિટ સાથે - બે દિવસીય કોન્સેપ્ટ એન્યુઅલ સ્પોર્ટ્સ ફેસ્ટ - મોમેન્ટમ 2023 એ શહેરને ઉત્સાહ સાથે સારી ફિટનેસ ઉજવવાનું ખૂબ જ જરૂરી કારણ આપ્યું. વાર્ષિક ફેસ્ટ એ સુરતની સૌથી લોકપ્રિય ઇવેન્ટમાંની એક છે, જેનું આયોજન અગ્રણી જીવન-રક્ષક તબીબી ઉપકરણ ઉત્પાદક અને ડ્રગ ડિલિવરી ઇનોવેશન જાયન્ટ, કોન્સેપ્ટ મેડિકલ દ્વારા કરવામાં આવે છે. આ વર્ષના સ્પોર્ટ્સ ફેસ્ટની થીમ "#GameChanger" હતી. આ ગાલા સ્પોર્ટ ફેસ્ટમાં વિશ્વભરમાંથી 500 થી વધુ કર્મચારીઓએ ભાગ લીધો હતો. ડો. મનીષ દોશી, સ્થાપક અને MD-કોન્સેપ્ટ મેડિકલ શેર, "કર્મચારીઓનો જબરજસ્ત પ્રતિસાદ નમ્ર અને પ્રેરક હતો. આ ઇવેન્ટ લોકોમાં શ્રેષ્ઠ લાવવાનો માર્ગ છે.